### જિલ્લા આરોગ્ય વડા કુંભ કર્ણની નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યુ છે

# ડભોઈ સરકારી દવાખાનાનો ઓપરેશન રૂમ ખખડધજ સાથે સર્જનનો અભાવ !!

(પ્રતિનિધિ) ડભોઈ, તા.25

ડભોઈ સરકારી દવાખાનુ અને વિવાદ એક સિક્કા ની બે બાજુ જેવા છે ક્યારેક કર્મચારી ઓની દાદાગીરી તો ક્યારેક તબીબો ની પણ આ વખતે નવો જ વિવાદ જાણે સુપ્રિટેન્ડન્ટ દ્વારા ઉભો કરાયો હોય એમ લાગી રહ્યું છે

ડભોઈ નુ સરકારી દખાવાનુ શહેર અને તાલુકા માટે આશીર્વાદ મનાય છે પણ હોસ્પિટલનો સ્ટાફ જાણે દર્દીઓને ખાનગી હોસ્પિટલ માટે મજબૂર કરતો હોય એવો




ખેલ સર્જાયો છે અને આ બધી ભૂમિકામાં જિલ્લા આરોગ્ય વડા કુંભ કર્ણની નિંદ્રામાં હોય એમ લાગી રહ્યુ છે.

બનાવ ની વિગત પ્રમાણે ડભોઈ સરકારી દવાખાનામાં ઓપરેશન થિયેટરના છતના પોપડા પડી રહ્યા છે. જેની મરામત કરાવવા માટે સુપ્રિટેન્ડન્ટની જવાબદારી છે પણ વાંસ હોય તો વાંસળી વાગે એમ ઓ.ટી.ની મરામત થતી નથી અને સાથે સાથે સર્જન તબીબ ની પણ અછત છે જેને લઈ શહેર તાલુકા ની જનતા ને મોંઘાદાટ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે જવુ પડે છે કહે છે હોસ્પિટલનો સ્ટાફ બસના સમયે અપડાઉન કરતાં હોવા છતાંય સુપ્રિટેન્ડન્ટ દ્વારા કોઈ પગલાં ભરવા નથી આવતા એય ઓછું હોય એમ અંગુઠાના નિશાનના મશીનો પણ બગડી ગયા હોય ભાવતું હતું ને વૈધે કિધુ જેવો ઘાટ સર્જાયો છે.

ડભોઈના સરકારી દવાખાનાની ગંભીર ગેરરિતી જિલ્લા આરોગ્ય અધિકારી એ ઝડપી હોવા છતાંય બિમાર હોસ્પિટલની મેગા સર્જરી કેમ નથી થતી? ડભોઈ સરકારી દવાખાના ને આધુનિક તો બાજુ રહ્યું પણ દવાખાના યોગ્ય તો બનાવે એ જ સમયની માંગ છે.

# બોડેલીમાં ₹10લાખના દારૂના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા.25

બોડેલીના -રાજબોડેલી રોડ પરથી દારૂની હેરાફેરી કરતી એક ટ્રકને બોડેલી પોલીસે ઝડપી પાડી રૂ.10 લાખ રૂપિયાથી વધુ કિંમતનો દારૂ તેમજ કુલ 30 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમોને ઝડપી લેવામાં આવ્યા છે



છોટાઉદેપુર જિલ્લો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને જોડતો હોવાથી અહીંથી મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થતી રહે છે. 31 ડિસેમ્બર નજીક આવતાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવા સૂચનો આપવામાં આવેલ છે

જેને લઈ બોડેલીના -રાજબોડેલી રોડ પર દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા બોડેલી પોલીસે રાજબોડેલી રોડ પર કોસીન્દ્રા ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન દારૂ ભરેલી ટ્રકને અટકાવી તપાસ કરતાં ટ્રકમાંથી મોટા પ્રમાણમાં દારૂ મળી આવ્યો હતો. પોલીસે ટ્રક સાથે બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા.

બોડેલી પોલીસે દસ લાખ રૂપિયાથી વધુના દારૂ સહિત કુલ 30 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### શ્રી સાંઈ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા શિરડી પગપાળા સંઘ પૂર્વે પાદરામાં ભવ્ય પાલખી યાત્રા યોજાઈ




**પાદરા ।** શ્રી સાંઈ સેવા સમિતિ ટ્રસ્ટ સ્ટેશન રોડ, પાદરા દ્વારા દર વર્ષે આયોજિત સતત ૨૦ માં વર્ષે પાદરા થી શિરડી પગપાળા સંઘના પ્રસ્થાન પૂર્વે નગરમાં ભવ્ય પાલખી શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. દર વર્ષે પરંપરાગત રીતે પાદરા થી શિરડી સુધી પગપાળા જઈ શિરડી દર્શન સાથે ભક્તિભાવપૂર્વક મંદિર ખાતે ધજા રોહણ કરવામાં આવે છે. આ વર્ષે પણ પાદરા થી નીકળતો પગપાળા સંઘ તા.25 ડિસેમ્બરના રોજ શિરડી માટે પ્રસ્થાન કર્યું હતું. તે પૂર્વે પાદરા સ્ટેશન રોડ સ્થિત સાંઈબાબાના મંદિરેથી પદયાત્રીઓનો સંઘ, પાલખી તથા ધજાઓ સાથે પાદરા નગરમાં ભવ્ય પાલખી શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા પાદરાના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી અને સમગ્ર નગર ભક્તિમય વાતાવરણથી ગુંજાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, ઉદ્યોગપતિ હિતેશ પટેલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

### સાવલીના ભાદરવાથી શક્તિધામ અંબાજીની ચતુર્થ ભવ્ય પગપાળા પદયાત્રાનો પ્રારંભ



**સાવલી ।** સાવલી તાલુકાના ભાદરવા ગામથી શક્તિધામ અંબાજી સુધીની ચતુર્થ ભવ્ય પગપાળા પદયાત્રાનો મંગલ 150 જેટલા ભક્તો દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમને વળાવવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો વાજતે ગાજતે જોડાયા હતા. સાવલી ના ભાદરવા ગામના આંગણે આજે ભક્તિનો સાગર ઉમટ્યો છે. શ્રી અંબાજી યુવક મંડળ દ્વારા આયોજિત આ પવિત્ર યાત્રામાં ગામના આશરે 150 જેટલા માઈભક્તો માઁ અંબેના ચરણોમાં શીશ ઝુકાવવા પદયાત્રાએ નીકળ્યા છે આ યાત્રાની વિશેષતા એ હતી કે તેઓને વિદાય આપવા માટે ભવ્ય પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું અને સમગ્ર ગ્રામજનોની ઉપસ્થિતિમાં, ભાદરવા શ્રી અંબાજી મંદિરથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શ્રી મહાકાળી માતાજીના મંદિરે દર્શન કરી, સૌ પદયાત્રીઓએ મંગલ પ્રસ્થાન કર્યું હતું. અતૂટ એકતાઃ યાત્રામાં વડીલો, યુવાનો અને શ્રદ્ધાળુ બહેનો સહિત સમગ્ર ગામ એકતાના તાંતણે બંધાયેલું જોવા મળ્યું હતું.

### છોટાઉદેપુર ઘેલવાંટ ગોકુળધામ રિસોર્ટ ખાતે સાંસદ ખેલ મહોત્સવનો સમાપન સમારોહ યોજાયો



**છોટાઉદેપુર ।** છોટાઉદેપુર ઘેલવાંટ ગોકુળધામ રિસોર્ટ ખાતે આજરોજ સાંસદ ખેલ મહોત્સવ 2025 નો સમાપન સમારોહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી ની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં જિલ્લામાં સાંસદ ખેલ મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા ટીમો ને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. દરેક તાલુકાદીઠ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજયી બનેલી ટીમો વચ્ચે ખુટાલિયા પરેડ ગ્રાઉન્ડ ખાતે ફાઇનલ સ્પર્ધા યોજાઈ હતી અને આજરોજ સમગ્ર જિલ્લામાંથી વિવિધ સ્પર્ધાઓમાં વિજયી બનેલ ટીમો ને સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા કલેક્ટર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ તડવી, ધારાસભ્ય જયંતિભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ ના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી સાંસદ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાધલી ગામમાં રીઢા તસ્કરોનો જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.25

સાધલી ગામે આવેલી મનન વિદ્યાલયમાં થયેલી મોટી ચોરીના ગુનામાં ઝડપાયેલા તમામ આરોપીઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સૂત્રોની મળતી માહિતી મુજબ શિનોર તાલુકાના સાધલી મા આવેલી મનન વિદ્યાલય મા જે થોડા દિવસો પહેલા થયેલી ચોરીનો ભેદ ઉકેલી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આજરોજ શિનોર પોલીસ દ્વારા આ તમામ આરોપીઓનો સાધલી બજારમાં જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો, જેના કારણે બજારમાં લોકોની મોટી ભીડ ઉમટી પડી હતી. પોલીસની આ કાર્યવાહીથી ગુનાખોરી સામે કડક સંદેશો



મળ્યો હોવાનું સ્થાનિકોએ દ્વારા જાણવા મળ્યું હતું ત્યાર બાદ આજે શિનોર પોલીસે ચોરીના સમગ્ર બનાવના રિકન્સ્ટ્રક્શન માટે તમામ આરોપીઓને મનન વિદ્યાલય ખાતે લાવી, ઘટનાની ફરીથી રચના કરાવી હતી. રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીઓએ ચોરી કેવી રીતે કરી, કયા રસ્તેથી પ્રવેશ કર્યો અને મુદ્દામાલ ક્યાંથી કબજે કર્યો તેની વિગતો પોલીસ સમક્ષ રજૂ કરી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શિનોર પોલીસની આ કાર્યવાહીથી ચોરીના ગુનાનો ભેદ સંપૂર્ણ રીતે ઉકેલાયો હોવાનું જાણવા મળ્યું છે.

# નસવાડીના રતનપુરા(ન) કેનાલ પાસે દારૂ ભરેલી કાર ઝડપાઈ

**બે ફોર વ્હીલર ગાડી** સાથે 6 લાખ 21 હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો

(પ્રતિનિધિ) નસવાડી, તા.25

નસવાડી તાલુકામાંથી ઈંગ્લિશ દારૂ લઈને ફોર વ્હીલર ગાડી પસાર થવાની બાતમી નસવાડી પોલીસ ને મળતા નસવાડી પોલીસ નસવાડી તાલુકાના રતનપુરા નર્મદા મેઈન કેનાલ પાસે વોચ રાખીને બેઠી હતી તે વખતે જી.જે.13 સી.ડી.4736 નંબરની ઈકો કાર નીકળતા તેને રોકતા આ ગાડી માં ઈંગ્લિશ દારૂ ભરેલો હતો આ ગાડી ની આગળ પાઈલોટિંગ કરતી ફોર વ્હીલર ગાડી જેનો નંબર જીજે-03 ઈઆર-6747 ગાડીમાં જીગ્નેશ લાખાભાઈ ગોહેલ, રહે.કુવાડવા તા.જી. રાજકોટ, શામજી ઉર્ફે વિજય સુખાભાઈ સારલા, રહે.નડખંભા, તા.થાન જી. સુરેન્દ્રનગર, વિપુલભાઈ સુખાભાઈ સારલા, રહે.નડખંભા તા.થાન જી. સુરેન્દ્રનગર, રણજીતભાઈ હનાભાઈ ઉઘરેજા, રહે.ધારાડુંગરી તા.સાયલા જી. સુરેન્દ્રનગર આ ચાર લોકો સવાર હતા. તેઓની પોલીસે પૂછપરછ કરતા તેઓ દારૂ ની ડીલીવરીમાં સામેલ હોવાનું બહાર આવતા પોલીસે દારૂ ની ડિલિવરી માં વપરાયેલ ગાડી તેમજ પાઈલોટિંગ કરીને જતી ફોર વ્હીલર ગાડી બંનેવ ગાડીઓ કબજે કરી જેમાં ગાડી મોબાઈલ અને ઈંગ્લિશ દારૂ મળી 6 લાખ 21 હજાર 340 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે જ્યારે પકડાયેલા આરોપીઓની પૂછ પરછ હાથ ધરતા તેઓએ આ દારૂ ની હેરાફેરી માં અન્ય ત્રણ લોકો પણ સામેલ છે પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી નામ પૂછતા તેઓએ રોહિત રત્નાભાઈ બોહકીયા, રહેવાસી ધારાડુંગરી તા.સાયલા જી. સુરેન્દ્રનગર, ભાવેશ જેનું પૂરું નામ અને સરનામું ખબર નથી અને દિનેશભાઈ મોરી જેનું પૂરું નામ અને સરનામું ખબર નથી આમ દારૂ સાથે ચાર લોકો ની ધરપકડ અને ત્રણ લોકો ફરાર દર્શાવવામાં આવ્યા છે જ્યારે આ દારૂ મધ્યપ્રદેશ તરફ થી આવ્યો હતો અને સૌરાષ્ટ તરફ લઈ જવામાં આવતો હતો.

# પાદરાથી સતત 34મા વર્ષે પીર ભડીયાદ માટે પગપાળા મેદનીનું ધાર્મિક આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.25

હજરત પીર મહેમુદ શાહ બુખારી દાદાના ઉરસના પાવન પ્રસંગે પાદરામાંથી સતત 34મા વર્ષે પીર ભડીયાદ માટે પગપાળા સંઘ મેદનીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આગામી શુક્રવારના રોજ પાદરાથી ભડીયાદ તરફ પગપાળા સંઘ રવાના થશે.

આ પગપાળા મેદની પાદરાથી ભડીયાદ તાલુકાના ધોલેરા મુકામે પહોંચશે. સમગ્ર યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે મેદની કમિટી દ્વારા સતત સાત દિવસ સુધી વિનામૂલ્યે બે ટાઈમ ભોજન તેમજ સવારની ચાની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ સમગ્ર આયોજન મેદની કમિટી દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં મુખ્ય આયોજકો તરીકે પાદરા નગરપાલિકાના માજી સભ્ય અનવરભાઈ ગરાસીયા, અયુબભાઈ ચૌહાણ ચટીભાઈ, ઈમરાન અલી મહેમાન, ગબ્બર દિવાન તથા સુરેશભાઈ શાકભાજીવાળા દ્વારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી રહી છે.

યાત્રા દરમિયાન પાદરાથી નીકળી સંઘ 9મી ચાંદના રોજ પીર ભડીયાદ પહોંચશે, જ્યાં ધોલેરા-ભડીયાદ ખાતે રોકાણ કરવામાં આવશે. 10મી ચાંદના રોજ દરગાહ પર ચાદર ચઢાવી પાદરા નગર તથા સમગ્ર સમાજની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સ્વચ્છતા માટે ખાસ દુઆ કરવામાં આવશે. સાથે જ મેદની કમિટીને સહયોગ આપનાર તમામ દાનદાતાઓ અને સેવાભાવી લોકો માટે પણ વિશેષ દુઆ કરવામાં આવશે. આ બાદ 11મી ચાંદના રોજ સવારે તાંદળજાના સૈયદ પીર પરિવારના અયુબભાઈ સૈયદ અને એજાજભાઈ સૈયદના પરિવાર તરફથી વર્ષોથી ચાલતી નિયાજનું આયોજન કરવામાં આવશે.

## બહાદરપુર ચોકડી પાસે દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) સંખેડા, તા.25

બહાદરપુર તલાવડી ચોકડી પાસે પોલીસે ગેરકાયદેસર દારૂ સાથે એક બર્ગમેન એક્ટિવા જપ્ત કરી છે. દારૂ અને એક્ટિવા છોડીને ચાલક ફરાર થઈ ગયો હતો.

પોલીસને રોડ પરથી નંબર પ્લેટ વગરની સુઝુકી કંપનીની બર્ગમેન એક્ટિવા મળી આવી હતી. આ એક્ટિવા પર ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના કોટરીયા અને બિયરના ટીન સહિત કુલ 240 નંગ દારૂનો જથ્થો હતો.

જપ્ત કરાયેલા દારૂની કિંમત 29,472 અને ઉપયોગમાં લેવાયેલી બર્ગમેન એક્ટિવાની કિંમત 50,000 આંકવામાં આવી છે. આમ, કુલ 79,472નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ચેસીસ નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારનો ડભોઇમાં વિરોધ કરાયો



બાંગ્લાદેશ ના વિદ્રોહ પછી અંતરીમ સરકાર ના શાશન માં છેલ્લા કેટલાય સમય થી હિન્દુ ઓ પર અવિરત અત્યાચાર થઈ રહ્યો છે જેને લઈ ભારત ના હિંદુ ઓ માં બાંગ્લાદેશ ની સરકાર સામે રોષ જોવા મળે છે ડભોઈ માં પણ વિ.એચ.પી. અને બજરંગદળ ના કાર્યકરો દ્વારા બાંગલાદેશ ના અંતરિમ સરકાર ના વડા નુ પુતળાદહન કરવામાં આવેલ અને હિન્દુ ઓ ને રક્ષણ આપો ના નારા લગાડવા માં આવ્યા હતાં ડભોઈ ના ડી.ઓ.જોષી. , વિવેક મહેતા અને મિતેષ પંચાલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં પુતળા દહન વખતે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો

## અપંગના ઓજસ-ગુજરાત દ્વારા નિરાધાર દિવ્યાંગજનોને સ્વેટર અને જેકેટ વિતરણ કરાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.25

પ્રાર્થના અને યોગ સાથે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.૬૦ મનો દિવ્યાંગજનોને પોતાની કલાત્મક કલ્પનાશક્તિ મુજબ પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે વિવિધ પ્રકારની શૈક્ષણિક કીટ સાથે ડ્રોઈંગ બુક,પેપર, કલર પેન્સિલો, કંપાસ બોક્સ, કેયોનસ, વોટર કલર વગેરે અર્પણ કરવામાં આવ્યા હતા.

અપંગ ના ઓજસ - ગુજરાતના સંકુલ ખાતે દિવ્યાંગજનો માટેના વિવિધ આયોજન હેઠળ "માનવતા એ સાચી ઓળખ,સેવા જેમનો ધર્મ છે,સેવા જ સાચો પ્રેરણાદાયક માર્ગ થકી દિવ્યાંગોના જીવનને ઉજાગર કરવા સેવા હી સમર્પણ ના ભાવથી 56 નિરાધાર દિવ્યાંગજનોને શિયાળું ઋતુમાં શારીરિક રક્ષણ માટે વિના મૂલ્યે સ્વેટર અને જેકેટ વિતરણ કરાયા હતા. તેમજ "વિનામૂલ્યે સાધન સહાય શૈક્ષણિક કીટ વિતરણ માં આવેલ હતું. કાર્યક્રમમાં રાજુભાઈ, કમલેશભાઈ, સંજયભાઈ, ડૉ. નિમિષાબેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હાલોલના ડાયાલીસીસ સેન્ટરને અદ્યતન સાધનો આપવામાં આવ્યા

(પ્રતિનિધિ) હાલોલ, તા.25

હાલોલ મહાજન આરોગ્ય સંચાલિત ડાયાલાસીસીસ સેન્ટર ખાતે ડાયાલાસીસીસના બે મશીન તેમજ કે.એસ. શેઠ પ્રસૂતિ ગૃહ ખાતે લેબર ટેબલ તેમજ ઓટી લાઈટિંગનુ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકાયું હતું.

હાલોલ મહાજન આરોગ્ય સંચાલિત ડાયાલાસીસીસ સેન્ટર ખાતે ડાયાલાસીસીસના બે મશીન તેમજ કે.એસ. શેઠ પ્રસૂતિ ગૃહ ખાતે લેબર ટેબલ તેમજ ઓટી લાઈટિંગ નું સ્થાનિક ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર,તેમજ પોલીકેબ કંપની લિમિટેડના ડાયરેક્ટર રાકેશભાઈ તલાટી, ટીકીટાર ઈન્દ્રસટિટ ના ડાયરેક્ટ પપ્પીભાઈ અને



સનફાર્મા કંપનીના મયંકભાઈ ભગતની ઉપસ્થિતિમાં દર્દીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે કજરી સ્ટેટ યુવરાજ મયુરધ્વજસિંહજી પરમાર તેમજ દાતાa તેમજ મંડળના ટ્રસ્ટી ભરતભાઈ પરીખ, પંકજભાઈ પરીખ અને દિવ્યાંગ ભાઈ મહેતા તેમજ હોસ્પિટલના કર્મચારીઓ અને નગરના આગેવાનોની ઉપસ્થિત રહ્યા હતા. હાલોલના મહાજન આરોગ્ય મંડળ દ્વારા મેડિકલ સેવાઓ રાહત દરે પૂરી પાડવામાં આવે છે. દાતાઓ દ્વારા અનુદાન મળતા ડાયાલાસીસીસ સેન્ટરમાં વધુ નવા બે ડાયાલાસીસીસ મશીન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેવીજ રીતે પ્રસૂતિ ગૃહમાં અધ્યયન ટેક્નોલોજી વાળું ઓટી લાઈટિંગ સાથેનું લેબર ટેબલ પણ કાર્યરત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલોલ પાલિકા પ્રમુખ નિશાબેન દેસાઈ,હાલોલ ભાજપ શહેર પ્રમુખ હરીશભાઈ ભરવાડ સહિત આગેવાનો હાજર રહ્યા હતા

# ધાનપુરનાબૂટલેગરનેપાસા હેઠળ ભૂજ જેલમાં ધકેલાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.25

ધાનપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ત્રણ જેટલા ગુનાઓમાં સંડોવાયેલ ધાનપુર તાલુકાના અગાસવાણી ગામના લિસ્ટેડ બુટલેગર અનિલ તડવીની પાસા વોરંટના આધારે તેના ઘરે થી દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી પલારા(ભુજ) ખાસ જેલમાં મોકલી આપ્યાનું જાણવા મળ્યું છે.

પંચમહાલ ગોધરા રેન્જના પોલીસ મહાન નિરીક્ષક આર.વી.અસારીની સુચના અને દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ દાહોદ પોલીસે જિલ્લામાં ગેરકાયદેસર દારૂ ઘુસાડવાના તેમજ હેરાફેરી કરવાના ગુનામાં સંડોવાયેલ 7 ઈસમો તેમજ લીસ્ટેડ બુટલેગરો તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલ 7 ગુનેગારોની આયોજનબદ્ધ યાદી તૈયાર કરી તે યાદીને આધારે તેઓની પાસા દરખાસ્ત તૈયાર કરી મંજૂરી માટે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે ને મોકલી આપી હતી. જે યાદી મુજબ કલેકટરે ધાનપુર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ત્રણ જેટલા ગુનાઓમાં - સંડોવાયેલા ધાનપુર તાલુકાના અગાસવાણી ગામના પટેલ ફળિયામાં રહેતા લિસ્ટેડ બુટલેગર અનિલ તડવીની પાસા અરજી મંજૂર કરી પાસા વોરંટ ઈસ્યુ કરી તેની અટકાયત કરવાનો હુકમ કરતા, તે હુકમને આધારે દાહોદ એલસીબી પીઆઈ એસએમ ગામેતી સહિતની ટીમે ધાનપુરના બુટલેગર અનિલ તડવીની અટકાયત કરી ભુજ જેલ ખાતે મોકલી આપ્યો હતો.